# ચિંતા : વિજાપુરની મહિલા ઓમિક્રોનથી સંક્રમિત

## દેશભરમાં પ્રસતો કોરોનાનો નવો વેરિયન્ટ ઓમિક્રોન : મહિલાના સંબંધીઓ તાજેતરમાં એક પરિવારજનના નિધનમાં સામેલ થવા ઝિમ્બાબ્વેથી પરત આવ્યા હતા

ગાંધીનગર/ નવી દિલ્હી, તા.૧૬
ગુજરાતમાં ઓમિક્રોનના વધુ એક કેસની પૃષ્ટિ થઈ છે. આ સાથે જ રાજ્યમાં ઓમિક્રોન સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૫ થઈ ગઈ છે. વીજાપુર ખાતે ઓમિક્રોનનો આ કેસ નોંધાયો છે જ્યાં એક મહિલા નવા વેરિએન્ટથી સંક્રમિત આવી છે. આ મહિલાની કોઈ જ ટ્રાવેલ હિસ્ટ્રી નથી પરંતુ મહિલાના સંબંધીઓ તાજેતરમાં એક પરિવારજનના અવસાનમાં સામેલ થવા માટે ઝિમ્બાબ્વેથી પરત આવ્યા હતા. તેમના સંપર્કમાં આવ્યા બાદ તે મહિલા સંક્રમિત થઈ હોવાનો અંદેશો છે.

દેશમાં દક્ષિણ આફ્રિકામાંથી મળેલા કોરોનાના નવા ઓમિક્રોન વેરિએન્ટનો કહેર વધી રહ્યો છે. રાજધાની દિલ્હી ખાતે ગુરૂવારે ઓમિક્રોનના ૪ નવા દર્દી સામે આવ્યા હતા. આ સાથે જ દિલ્હીમાં ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા વધીને ૧૦ થઈ ગઈ છે. દિલ્હી ઉપરાંત ગુજરાતમાં પણ ઓમિક્રોનનો એક નવો કેસ સામે આવ્યો છે.

ભારતમાં ૨ ડિસેમ્બરના રોજ કર્ણાટક ખાતે ઓમિક્રોનનો પહેલો કેસ સામે આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં દેશના ૧૧ રાજ્યોમાં ઓમિક્રોન પ્રસરી ચુક્યો છે. અત્યાર સુધીમાં દેશમાં ઓમિક્રોનના કુલ ૭૮ કેસ સામે આવ્યા છે. તેમાં ૩૨ કેસ સાથે મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે, ૧૭ કેસ સાથે રાજસ્થાન બીજા ક્રમે અને ત્યાર પછી ત્રીજા ક્રમે દિલ્હી છે.

# કૃષિને પ્રકૃતિની પ્રયોગશાળા સાથે જોડીએ : નરેન્દ્ર મોદી

## કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ પર ખેડૂતોને મોદીનું સંબોધન : શિખર સંમેલનમાં પ્રાકૃતિક ખેતી પર ધ્યાન કેન્દ્રીત કરાયું

આણંદ, તા.૧૬
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ પર રાષ્ટ્રીય શિખર સંમેલન દરમિયાન ખેડૂતોને સંબોધન કર્યું. ગુજરાતના આણંદમાં કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ પર આયોજિત રાષ્ટ્રીય શિખર સંમેલનના સેક્ટર, ખેતી-ખેડૂતો માટે આજનો દિવસ ખુબ મહત્વનો છે. મે દેશભરના ખેડૂત ભાઈઓને આગ્રહ કર્યો હતો કે પ્રાકૃતિક ખેતીના રાષ્ટ્રીય સંમેલનમાં જરૂરી જોડાય. આજે લગભગ ૮ કરોડ ખેડૂતો દેશના દરેક ખૂણેથી ટેક્નોલોજીના માધ્યમથી આપણી પછી એક અનેક પગલાં લેવાયા છે. માટીની તપાસથી લઈને સેંકડો નવા બીજ સુધી અમારી સરકારે કામ કર્યું છે. તેમણે કહ્યું કે કિસાન સન્માન નિધિથી લઈને ખર્ચના દોઢ ગુણા એમએસપી કરવા સુધી અને સિંચાઈથી સશક્ત નેટવર્કથી લઈને ખેડૂત રેલ સુધી અમારી



સમાપન સત્ર દરમિયાન વીડિયો કોન્ફરન્સ દ્વારા પીએમ મોદીએ ખેડૂતોને પોતાના મનની વાત કરી છે. ર્ં તરફથી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં કહેવાયું છે કે આ શિખર સંમેલનમાં પ્રાકૃતિક ખેતી પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાના લાભ વિશે પણ તમામ જરૂરી જાણકારી પૂરી પાડવામાં આવી છે.

પ્રધાનમંત્રી મોદીએ ખેડૂતોને સંબોધન કરતા કહ્યું કે કૃષિ સાથે જોડાયા હતા.

પીએમ મોદીએ કહ્યું કે ખેતીની સાથે પશુપાલન, મધુમાખી ઉછેર, મત્સ્ય પાલન, અને સૌર્ય ઉર્જા, બાયો ફ્યૂલ જેવા આવકના અનેક વૈકલ્પિક સાધનો સાથે ખેડૂતોને નિરંતર જોડવામાં આવી રહ્યા છે. ગામડાઓમાં સ્ટોરેજ, કોલ્ડ ચેન, અને ફૂડ પ્રોસેસિંગને ભાર આપવા લાખો રૂપિયાની જોગવાઈ કરાઈ છે. બીજથી લઈને બજાર સુધી, ખેડૂતોની આવક વધારવા માટે એક સરકારે ખેડૂતોની આવક વધારવા માટે અનેક પગલાં લીધા છે. નેચરલ ફાર્મિંગ #NaturalFarming નો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે એ સાચુ છે કે કેમિકલ અને ફર્ટિલાઈઝરે હરિત ક્રાંતિમાં મહત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ એ પણ એટલું જ સાચુ છે કે આપણે તેના વિકલ્પો ઉપર પણ સાથે સાથે કામ કરતા રહેવું પડશે. બીજથી લઈને માટી સુધી બધાનો ઈલાજ તમે પ્રાકૃતિક રીતે કરી શકો છો.

# ગૌણ સેવા પેપર લિકનો માસ્ટર માઈન્ડ કેતન જબ્બે

## પેપર લિક મામલે ૧૬ પોલીસની ટીમ દ્વારા તપાસ : કેતને દરેક ઉમેદવાર પાસેથી ૧૦-૧૦ લાખ લીધા હતા, ૪૨ને પેપર અપાયા હતા, વધુ ૩ની સંડોવણીની આશંકા

અમદાવાદ, તા.૧૬
ગૌણ સેવાના હેડ ક્લાર્કની પોસ્ટ માટેની પરીક્ષાનું પેપર લીક થવાના મામલેસાબરકાંઠા પોલીસે હિંમતનગરના કેતન નામના શખ્સની ધરપકડ કરી છે. કેતન પેપરલીકના મામલાનો માસ્ટર માઈન્ડ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. કેતનેઉમેદવાર દીઠ ૧૦ લાખ રૂપિયા લીધા હતા. રવિવારે પરીક્ષા હતી અને શનિવારે રાતેપ્રાંતિજ નજીક આવેલા ફાર્મ હાઉસમાં ૪૨ ઉમેદવારોને પેપર આપી દેવામાં આવ્યુંહતું. આ કેસમાં વધુ ત્રણ શખ્સની સંડોવણી હોવાની શક્યતા છે. કેતન પાસેથી આમાટે ઉપયોગમાં લેવામાં આવેલી કાર પણ કબ્જે કરવામાં આવી છે. જેઉમેદવારોએ પરીક્ષા પહેલા પૈસા ચૂકવીને પેપર લીધું હોવાનું ધ્યાનમાં આવતાપોલીસે કેતનના બેંક અકાઉન્ટની પણ તપાસ કરી હતી. કેતને ૪૨ વિદ્યાર્થીઓપાસેથી ૧૦-૧૦ લાખ રૂપિયા લીધા હતા.

મળેલી માહિતી પ્રમાણે, જે કારમળી આવી છે, તે પેપર લીક માટે પ્રાંતિજ નજીકના ફાર્મહાઉસ ખાતે ઉપયોગમાંલેવાઈ હતી. કેતન રાતે પેપર લઈને ફાર્મહાઉસ પહોંચ્યો હતો. તેની સાથે અન્યત્રણ શખ્સ પણ હતા. જે સરકારી નોકરી કરતા હોવાનું માનવામાં આવી રહ્યું છે. આકિસ્સામાં કુલ ચાર કારનો ઉપયોગ થયો હતો. જે સુરત, અમદાવાદ અને હિંમતનગરનીપાસિંગ હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

લીકકરાયેલું પેપર જ્યારે ફાર્મહાઉસમાં આપવામાં આવ્યું ત્યારે ૧૬ ઉમેદવારોહાજર રહ્યા. બાદમાં એક શિક્ષકને બોલાયા હતા. જેમણે ઉમેદવારોને રાતના ૧.૩૦ વાગ્યા સુધી પેપર સોલ્વ કરવામાં મદદ કરી હતી. ઉમેદવારો પાસેથી ૧૦ લાખરૂપિયા લઈને બાદમાં સોશિયલ મીડિયા દ્વારા વડોદરાના અન્ય ઉમેદવારો સુધી પણપેપર પહોંચાડાયું હતું. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ મામલે પોલીસના ઉચ્ચઅધિકારીઓ સાથે બેઠક કરી હતી અને સંડોવાયેલા શખ્સો સામે કડક કાર્યવાહી કરવાકહ્યું હતું.

ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ અસિત વોરાએ દાવોકર્યો હતો કે, પેપર લીક થવા અંગે કોઈ ફરિયાદ મળી નથી. જો કે, કોઈ તથ્યવાળાપુરાવા મળશે તો મંડળ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવશે. જે દોષિત છે તેમનેછોડવામાં આવશે નહીં. આ મામલે ૧૬ પોલીસ ટીમ તપાસ કરી રહી છે.

# મતદાન માટે કર્મચારીઓને ત્રણ કલાકની ખાસ રજા આપવા જાહેરનામું બહાર પડાયું

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર જિલ્લાના ગ્રામ પંચાયતોની સામાન્ય/ વિભાજન/મધ્યસ્થ/પેટા ચૂંટણીનું મતદાન તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ યોજાનાર છે. મતદાન કરવા સંસ્થાઓ-કચેરીઓ દ્વારા કર્મચારીઓ-કામદારોને ત્રણ કલાકની રજા આપવા અંગેનું જાહેરનામું બહાર પાડી હુકમ જિલ્લા કલેકટરશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

ગાંધીનગર કલેકટરશ્રી ડો. કુલદીપ આર્ય (આઈ.એ.એસ.)એ એક જાહેરનામું બહાર પાડી જણાવ્યું છે કે, ગ્રામિણ બેંકો, રાષ્ટ્રીય અને અને ખાનગી બેંકો, સહકારી બેંકો, અને રાજય તથા કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરી, રેલ્વે, ટેલીકોમ અને પોસ્ટ ઓફીસો જેવી કેટલીક કચેરીઓ, દુકાનો, વાણિજય સંસ્થાઓ, હોટલો, ઔધોગિક એકમો, કારખાનાઓ, ફેકટરીઓ , સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને આવશ્યક સેવા આપતી અન્ય સંસ્થાઓના/ કચેરીઓ રવિવારના દિવસે તેઓના કારોબાર ચાલુ રાખે છે.

આ સંજોગોમાં આવી કચેરીઓ/સંસ્થાઓના કર્મચારીઓ / કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે તા.૧૯/૧૨/૨૦૨૧ ના રવિવારના દિવસે અધિકારી/ કર્મચારીશ્રી/કામદારો તથા અન્ય મંજૂરી કામ કરતા મંજુરોને વારાફરતી ત્રણ કલાકની રજા આપવામાં આવે અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ/ કચેરીઓ ચાલુ રાખીને અવેજીમાં/બદલીમાં મતદાનના દિવસે એટલે કે, તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા સંબંધિત તમામ સંસ્થા/ કચેરીના વડા/ સંચાલકશ્રીઓનો જાહેરનામુ બહાર પાડી જિલ્લા કલેકટરશ્રીએ હુકમ કર્યો છે.



કુડાસણમાં સપ્તઋષિ સોસાયટી પાસે જાહેર રસ્તા પર ગટરોનું પ્રદૂષિત પાણી છેલ્લા ઘણા સમયથી ફેલાય છે. સતત પાણી રસ્તા પરથી વહેતુ હોવાથી વાહનોની અવરજવરના કારણે મસમોટા ખાડા પડી ગયા છે.

# અદાણીનું ભારતના સૌર ઊર્જા નિગમ સાથે વિશ્વનું સૌથી મોટુ ગ્રીન પાવર પરચેજ એગ્રીમેન્ટ

## અદાણી ગ્રીન એનર્જી ૪૬૬૭ મેગાવોટ સૌર ઊર્જા આપશે

અમદાવાદ, તા. ૧૬
અદાણી ગૃપના વૈવિધ્યસભર ઉદ્યોગ પ્રકલ્પો પૈકી સૌર ઊર્જા વિકાસકાર તરીકે દુનિયાની સૌથી વિશાળ કંપની તરીકે નામના મેળવનાર અદાણી ગ્રીન એનર્જી લિ.એ ભારતના સૌર ઊર્જા નિગમ સાથે ૪૬૬૭ મેગાવોટ રિન્યુએબલ એનર્જી પૂરી પાડવા માટે પાવર પરચેજ એગ્રીમેન્ટ કર્યું છે.

સોલાર એનર્જી કોર્પોરેશન સાથે દુનિયાનું સૌથી મોટું પાવર પરચેજ એગ્રીમેન્ટ સહી કરતા અમોને ખુશી થાય છે એમ અદાણી ગૃપના ચેરમેન ગૌત્તમ અદાણીએ જણાવ્યું છે. આત્મ નિર્ભર ભારત કાર્યક્રમ હેઠળ સ્થાનિક ઉત્પાદનને ઉત્તેજન તેમજ ભારતને રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં સ્વાવલંબી બનાવવા તરફની અમારી સફરમાં આ એક વધુ પગલું છે. જે ભારતના બેવડા હેતુઓ સાકાર કરનારૂ છે. કોપ-૨૬માં થયેલી કાર્યવાહીના અનુસંધાને કાર્બનના ઓછા ઉત્સર્જનવાળી ઈકોનોમી તરફ અગાઉની ધારણા કરતા ઝડપથી વિશ્વ સરખી ગતિએ ઉત્તરોત્તર સરકી રહ્યું છે. આ માટે જ અદાણી ગૃપ રિન્યુએબલ ક્ષેત્રમાં ૫૦ થી ૭૦ બિલિઅન ડોલરનું રોકાણ કરવા પ્રતિબદ્ધ છે. આ કરાર ૨૦૩૦ સુધીમાં રિન્યુએબલ ક્ષેત્રમાં દુનિયામાં અમોને સૌથી વિરાટ બનાવવા તરફની અમારી પ્રતિબદ્ધતાને હાંસલ કરવાના પ્રયાણમાં પ્રોત્સાહક કેડી બની રહેશે તેમ ગૌત્તમ અદાણીએ જણાવ્યું છે.

જૂન-૨૦૨૦માં સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદકતા લિન્ક ૮૦૦૦ મેગાવોટના અદાણી ગ્રીન એનર્જી લિ.ને ફાળવેલા ટેન્ડરના એક ભાગરૂપે અદાણી ગ્રીન એનર્જી લિ. અને સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા વચ્ચે ૪૬૬૭ મેગાવોટ સૌર ઊર્જાનો પુરવઠો પૂરો પાડવા કરાર થયા છે જે એનાયત થયેલું દુનિયાનું સૌથી મોટું સોલાર ડેવલપમેન્ટ ટેન્ડરનો વિક્રમ પ્રસ્થાપિત કરે છે.

# ગાંધીનગર ડીએસપી કચેરી ખાતે જી.કે.ટી. દ્વારા પોલીસ શારિરીક કસોટી માટેના યુવક-યુવતીઓ માટે સુવિધા ઉપલબ્ધ

ગાંધીનગર, તા. ૧૬
ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં નોકરીવાંચ્છુકો પોલીસની શારિરીક ટેસ્ટ લેવાઈ રહી છે. જેમાં ગાંધીનગર સ્થિત ડી.એસ.પી. કચેરી ખાતે શારીરિક કસોટી વિવિધ જિલ્લાના પોલીસ નોકરી ઈચ્છુકો ઉમેદવારો માટે આદિવાડા વિસ્તારમાં નજીક રાજકોટ, બનાસકાંઠા, સાબરકાંઠા જેવા જિલ્લામાંથી વિવિધ સમાજના યુવક-યુવતીઓ માટે ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા રહેવા-જમવા, ન્હાવા સુધીની સુવિધા પુરી પાડી સેવાયજ્ઞ ચલાવી રહ્યા છે. ત્યારે ચિલોડા ક્ષત્રિય ઠાકોર સેનાના અગ્રણી દિલિપસિંહ ચૌહાણ અને તેમની ટીમે આ ઉમેદવારોને જમવાની વ્યવસ્થા કરી ભોજન પીરસ્યુ હતું.

# માણસા ખાતે આણંદમાં યોજાયેલ નેશનલ કોન્કલેવ ઓન નેચરલ ફાર્મિંગનો જીવંત પ્રસારણ ટુ વે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬
ગુજરાત સરકારના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા તા. ૧૪ થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન કૃષિ પ્રી-વાઈબ્રન્ટ સમિટનું આયોજન આણંદ ખાતે કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજરોજ નેશનલ કોન્કલેવ ઓન નેચરલ ફાર્મિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવનું જીવંત પ્રસારણ ટુ વે કાર્યક્રમ ગાંધીનગર જિલ્લામાં માણસા ખાતે યોજાયો હતો.

નેશનલ ફાર્મિંગ અંગેના નેશનલ કોન્કલેવમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્કલેવ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશના તમામ ખેડૂતોને સંબોધન કર્યું હતું. તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, ગુજરાત રાજયના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અને કેન્દ્રીય કૃષિ મંત્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં પ્રાકૃતિક ખેતી સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતેની શ્રી ૪૧ ગામ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે યોજાયેલ કોન્કલેવનું જીવંત પ્રસારણ ટુ વે કાર્યક્રમ ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૃષિ તજજ્ઞો દ્વારા ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગેની વિસ્તૃત સમજ આપી હતી. તેનાથી થતાં ફાયદાઓની પણ વાત કરી હતી.

માણસા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આશરે ૧૦૦૦ થી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. માણસા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, માણસાના પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, માણસા નગરપાલિકાના પ્રમુખ કૈલાસબેન પટેલ, ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, માણસા એ.પી.એમ.સી. ચેરમેન રમણભાઈ પટેલ, ખેડૂત અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ, જિલ્લા ખેતી અધિકારી એસ.વી. પટેલ સહિત આમંત્રિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## સીલ કરી દીધા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાના આવાસોનુ નિર્માણ કરનાર એજન્સી સામે પણ કાયદેસર કાર્યવાહી ચાલી રહી છે. ત્યારે આ આવાસોમાં આવાસ મેળવનાર લાભાર્થીઓ આમ પણ પરેશાન છે. બીજીતરફ ગુડાના આ આવાસોની ફાળવણી બાદ કેટલાક લાભાર્થીઓએ પોતાના મકાન શરતોનો ભંગ કરીને ભાડે આપી દીધા હોવાની ફરિયાદો પણ વધી હતી જેને અનુલક્ષીને ગુડાએ આ મકાનો ભાડુઆતોના કબજામાંથી મુકત કરાવવા માટે ઝુંબેશ હાથ ધરી છે. અગાઉ પણ ગુડા દ્વારા રાયસણ અને ચિલોડાના વિવિધ બ્લોકમાં રહેતા ભાડુઆતોને નોટીસ આપવામાં આવી હતી જયારે તપાસના અંતે બ્લોક નં -૩૬૮ માંથી ૧૬ અને બ્લોક નં -૧૯૦ માં થી ૧૭ કિસ્સામાં ભાડુઆતોએ મકાન ખાલી ન કરતા ગુડાએ આ મકાનો સીલ કરી દીધા હતા જયારે આજે પણ ગુડાએ મકાન સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં રાયસણ સ્થિત ગુડાના બ્લોક નં -૩૫૧ અને ૩૫૨માં એલ આઇ જી આવાસો સીલ કરવા ગુડાએ કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ ગુડાએ આ બન્ને બ્લોકમાં કુલ ૨૫૦ થી વધુ મકાનો ભાડે આપવાના કીસ્સામાં નોટીસ આપી હતી જયારે નોટીસના અંતે પણ આ આવાસો ભાડુઆતોના કબજામાંથી મુક્ત ન કરાતા આજે ગુડાએ સ્થળ તપાસ દરમિયાન મકાનો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેના અંતે ગુડાના તંત્ર દ્વારા ૧૫ મકાનો સીલ કરી દેવાયા હતા. ગુડાએ અત્યાર સુધી કુલ ૪૮ આવાસો સીલ કરી દીધા છે. જયારે ભાડુઆતોને આપેલા મકાનો સીલ કર્યા બાદ લાભાર્થી પાસેથી તગડો દંડ વસુલી સીલ ખોલવામાં આવે છે. જેમાં એલ આઇ જી આવાસોના સીલ ખોલવા માટે ગુડા કક્ષાએથી રૂ ૨૫ હજારનો દંડ વસુલવામાં આવે છે.

## દંડ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનેકવિધ કચેરીઓ ધમધમે છે. ત્યારે કોવિડનુ સંક્રમણ ફેલાય નહી તે માટે ઉદ્યોગ ભવન સોસાયટીએ પણ સંકુલમાં પ્રવેશતા મુલાકાતીઓ માટે માસ્ક ફરજિયાત પહેરવા સુચના આપવામાં આવી છે. ઉદ્યોગ ભવન સોસાયટીએ કોવિડને ધ્યાનમાં રાખી માસ્ક ન પહેરનાર વ્યકિત પાસેથી રૂ ૨૦૦ અને ધુમ્રપાન કરીને થુંકનાર વ્યકિત પાસેથી રૂ ૫૦૦ દંડ વસુલવાની નોટીસ પણ બિલ્ડીંગમાં ઠેર ઠેર ચિપકાવી દીધી છે. એકબાજુ વાઈબ્રન્ટ સિમિટની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ઉદ્યોગ ભવન સંકુલમાં પણ અનેક કચેરીઓ સીધી રીતે જ વાઈબ્રન્ટની તૈયારીમાં જોડાયેલી છે. જેને લઈને આ સંકુલમાં મુલાકાતીઓની અવરજવર વધી છે. આ સ્થિતિમાં કોવિડના કહેરથી બચવા માટે જરૂરી તકેદારી રાખવા માટે ઉદ્યોગ ભવન સોસાયટીએ નિયમનો ખાસ અમલ થાય તો માટે પણ કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. ઉદ્યોગભવનના બિલ્ડીંગમાં પાન મસાલા ખાઈને કર્મચારીઓ કે મુલાકાતીઓ ઠેર ઠેર પિચકારી મારીને દિવાલો પર ગંદકી કરે છે. જેને અનુલક્ષીને સંકુલમાં જાહેરમાં થુંકવા પર કે ધુમ્રપાન કરવા માટે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જયારે આ માટે વિવિધ કચેરીના કર્મચારીઓને પણ આદેશનો ભંગ કરનારાઓને પકડવા માટે સહકાર આપવા પણ જણાંવાયુ છે. ઉદ્યોગભવનની સાથે શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ ઠેર ઠેર પાનની પિચકારી જોવા મળે છે. ત્યારે દિવાલો પણ અત્યંત ગંદી હોવાથી મુલાકાતીઓને પણ ગંદકીના લીધે ગુંગળામણ થાય તેવી સ્થિતિ હોય છે. ત્યારે સરકારની અન્ય કચેરીઓમાં પણ આકરા દંડ વસુલીના પગલાની અનિવાર્યતા છે.

## ચિકનગુનિયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે તંત્રના સૂત્રોનું માનીએ તો શહેરમાં તાઉ-તે વાવાઝોડા પછી જે રીતે ચોમાસુ લંબાતુ હતુ અને તેને કારણે મચ્છરોનો સર્વાઈલ પિરિયડ પણ લંબાઈ જતાં આ કેસોમાં વધારો થયો છે. જો કે ચિકનગુનિયાના કેસો વધારે નોંધાયા છે તે ચિંતાનો વિષય જરૂર છે. ૨૦૨૨માં ગુજરાતને મેલેરિયામુક્ત કરવાના સરકારના સંકલ્પ છતાં શહેરમાં જ ૧૯૮ કેસ મેલેરિયાના નોંધાયા છે. સાદા મેલેરિયાના કેસો વધુ હતા. ફાલ્સીફેરમના કેસો ઓછા નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોનું કહેવું છે.

શહેરમાં આ વખતે વાહકજન્ય રોગચાળાએ ભારે માથું ઉંચકયુ હતુ. તંત્રએ આ વખતે પોરાનાશક કામગીરી તેમજ વરસાદી પાણી ભરાઈ રહેતા હતા તેવા ખાડાઓમાં ઓઈલ છંટકાવ અને સઘન સર્વેલન્સથી પરિસ્થિતિ નિયમંત્રણમાં રહી હોવાનો દાવો આ સૂત્રોએ કર્યો છે.

## સાથે જોડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાન્યરીતે લોકો પોતાના ગામ ઉપરાંત એવા શહેર અને મહાનગરોમાં પણ મત આપી દેતા હતાજ્યાં તેઓ કામકાજ કરતા હોય. તેવામાં મતદાર યાદીમાં અનેક જગ્યાએ નામ સામેલથઈ જાય છે પરંતુ આધાર સાથે લિંક થયા બાદ કોઈ પણ નાગરિક ફક્ત એક જ જગ્યાએમતદાન કરી શકશે. જોકે સરકાર તરફથી જે સુધારા કરવામાં આવ્યા છે તેના અંતર્ગતસ્વૈચ્છિક આધાર પર મતદાર યાદીને આધાર સાથે જોડી શકાશે.

આબિલમાં ચૂંટણી સંબંધી કાયદાને સૈન્ય મતદારોના મામલે લૈંગિક રીતે નિરપેક્ષબનાવવાની જોગવાઈ છે. વર્તમાન ચૂંટણી કાયદો તેમાં ભેદભાવ કરે છે. વર્તમાનકાયદામાં કોઈ પુરૂષ ફોજીની પત્નીને સૈન્ય મતદાતા તરીકે પોતાની નોંધણીકરાવવાની સુવિધા છે પરંતુ મહિલા ફોજીના પતિ માટે આવી કોઈ સુવિધા નથી.ચૂંટણી પંચે કાયદા મંત્રાલયને એવી ભલામણ કરી છે કે, ચૂંટણી કાયદામાં પત્ની શબ્દના બદલે જીવનસાથી એટલે કે, વાઈફના બદલે સ્પાઉસ લખી દેવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકે છે.

## મહાત્મા મંદિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષીને પણ સુશોભન અને સલામતીના પરિબળો ધ્યાનમાં રાખી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં હાલ મહાત્મા મંદિર પાસે ટ્રાફિકના યોગ્ય સંચાલન માટે સિગ્નલ પણ મુકવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મહાત્મા મંદિરમાં કોઈપણ બિન અધિકૃત પ્રવેશ ન કરે તે માટે સી સી કેમેરાની વોચ રાખવા કેમેરાનુ પણ કામ હાથ ધરાયુ છે. આ ઉપરાંત માર્ગો પર પટ્ટા તેમજ સફાઈ અને સુશોભનના અન્ય કામો પણ પુરજોશમાં ચાલી રહ્યા છે. મહાત્મા મંદિર પાસે માર્ગની આસપાસની જગ્યામાં પેવર બ્લોક ફીટ કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત નજીકમાં સ્થિત રેલવે સ્ટેશનની બહારની બાજુએ વિવિધ પ્રકારનુ પેઈન્ટીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. દિવાલોને પણ સ્ટેશનને અનુરૂપ પેઈન્ટીંગ કરીને સજાવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના વિવિધ માર્ગો પર રંગબેરંગી રોશની કરવામાં આવે છે ત્યારે જયાં આ સમિટ યોજવાની છે તેવા મહાત્મા મંદિરના સ્થળે વિશેષ સુશોભન કરવા માટે પણ કામગીરી ચાલી રહી છે. મહાત્મા મંદિરથી વિધાનસભા સુધી જોડાયેલા સ્વર્ણિમ પાર્કમાં પણ સફાઈ તેમજ રીપેરીંગનુ જરૂરી કામ હાથ ધરાયુ છે. વોટર બોડીની પણ સફાઈ કરવા તેમજ ફાઉન્ટેઈન શો પણ કાર્યરત થાય તે દિશામાં કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.